# ભાજપ સરકારે સર્વિસ ટેક્ષમાં કરેલા વધારાનો ચોમેરથી પ્રચંડ આક્રોશ

## મોંઘવારી ઘટાડવાના મુદ્દે ચુંટાયેલી સરકારે જ મોંઘવારી વધારી : સ્પષ્ટ બહુમત જ આવા નિર્ણયોનો જન્મદાતા જેવી ચર્ચાઓ ચગડોળે

ગાંધીનગર, તા. ૪

કેન્દ્ર સરકારે ૧ જુનથી અમલમાં આવે તે રીતે સર્વિસ ટેક્ષમાં તોતીંગ વધારો ઝીંકી દીધો છે. જેની અસરો શરૂ થઈ ગઈ છે ત્યારે દેશભરમાં અને ખાસ કરીને ગુજરાતમાં તેના પ્રચંડ પ્રત્યાઘાત પડ્યા છે. અસહ્ય મોંઘવારીનો માર સહન કરતી સામાન્ય પ્રજા ઉપર તેની વ્યાપક અસરો પડી છે ત્યારે વડાપ્રધાનની ઉજ્જવળ રાજકીય કારકિર્દીની ભૂમિના લોકો હવે સ્પષ્ટ બહુમતીને આનુ કારણ માની કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમત ન આપવો જોઈએ તેવો મત વ્યક્ત કરી રહ્યા છે. રોજીંદી આવક રળી પરિવારનું ભરણ-પોષણ કરતા લોકો સરકારની આ નિતીથી ખુબ જ વ્યથિત બન્યા છે. સરકાર પાસે મોંઘવારીમાંથી રાહતની અપેક્ષા રાખતી પ્રજાને વધુ મોંઘવારીના ખપ્પરમાં હોમવાની પ્રવૃત્તિની ચોમેરથી ટીકાઓ થઈ રહી છે.

સામાન્ય પ્રજાને વધુ અસર કરે તેવો નિર્ણય એટલે સર્વિસ ટેક્ષમાં વધારો. જેનો અમલ સોમવારથી શરૂ થઈ ગયો છે. મોંઘવારી મુદ્દે લોકોનો વિશ્વાસ કેળવી ચુંટાયેલી સરકારે જ મોંઘવારી વધારી દીધી છે તેવી હૈયાવરાળ લોકો ઠાલવી રહ્યા છે. સર્વિસ ટેક્ષ ઘટાડ્યો ન હોત તો કંઈ વાંધો નહીં પરંતુ વધારવો તો ન જોઈએ તેવું મંતવ્ય સામાન્ય પ્રજાજન પણ આપતો થઈ ગયો છે. આ અંગે ખાનગી પેઢી કે દુકાનમાં નોકરી કરતાં કેટલાક નાગરીકોએ બળાપો કાઢતા સરકાર વિરૂદ્ધ પ્રચંડ પ્રત્યાઘાત આપ્યા છે.

● અરવિંદભાઈ પ્રજાપતિ :- હું માનું છું કે સરકારે મોંઘવારી ઘટાડવાના બદલે વધારી દીધી છે. ટુંકા પગારમાં નોકરી કરી પરિવારનું ભરણ-પોષણ કરવુ અઘરૂ બની ગયું છે. સરકારે પોતાના ખર્ચાઓમાં કાપ મુકી સામાન્ય પ્રજાને લાભ થાય તેવા પગલાં લેવા જોઈએ.

● મહેન્દ્રભાઈ પરમાર :- ગત સરકાર સમયે મોંઘવારીથી ત્રાસેલા અમોએ પક્ષાપક્ષીથી દૂર રહી ફક્ત જીવન ધોરણને સરળ બનાવવા જ આ સરકારને મત આપેલા પરંતુ સરકારના એક વર્ષના કાર્યકાળ દરમ્યાન અમોને અસહ્ય મોંઘવારી જ મળી છે જેથી કોઈ સરકારને સ્પષ્ટ બહુમત ન આપવો જોઈએ તેવું હું માનુ છુ.

● કિશોરસિંહ ઝાલા :- સરકારની કાર્યપદ્ધતિ 'દલા તરવાડી' જેવી છે. જેમાં લોકમતને ધ્યાને લીધા સિવાય પોતાના નિર્ણયોની જાતે જ પ્રસંશા કરે છે. ખરેખર સામાન્ય માનવીની હાલત આ સરકારમાં કફોડી બની છે. વિકાસ ત્યારે જ યોગ્ય લાગે જ્યારે આમ પ્રજાજન તેને ભોગવી શકવા માટે સક્ષમ હોય. હાલ બે ટંક રોટલો દુર્લભ બન્યા છે ત્યારે વિકાસ જરૂરી નથી.

આવા અનેક લોકોએ પોતપોતાના મંતવ્યો રજુ કરી સરકારની કામગીરી અંગે અસંતોષ વ્યક્ત કર્યો છે જેમાં સૌથી વધુ મહત્વનું મોંઘવારી જ રહ્યું છે જેથી લોકમત મેળવી નિર્ણય થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# ધોળાકુવામાં બુટલેગરના નવા બનતા મકાનમાંથી દારૂ પકડાયો

## ઈન્ફોસીટી પોલીસે દરોડા પાડી ૨૨૨ બિયર અને ૭૨ વિદેશી દારૂની બોટલ મળી ૪૫ હજારના દારૂ-બિયર સાથે બુટલેગરને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર-કોબા માર્ગ પર સ્થિત ધોળાકુવા ગામના બુટલેગર મુકેશ ઠાકોરના નવા બનતા મકાનમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો પડ્યો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પોલીસે મોડી સાંજે દરોડો પાડી રૂ. ૪૫ હજારનો જથ્થો પકડી પાડ્યો હતો. બુટલેગરની ૨૨૨ બિયરના ટીન અને ૭૨ વિદેશી દારૂની બોટલો સાથે ધરપકડ કરી પુછપરછ શરૂ કરવામાં આવી છે.

ઈન્ફોસીટી પીઆઈ પી.બી. ચૌહાણને ગઈ મોડી સાંજે બાતમી મળી હતી કે ધોળાકુવા ગામના બુટલેગર મુકેશ ઠાકોરના નવા બની રહેલા મકાનમાં દારૂ-બિયરનો જથ્થો સંતાડી વેપલો કરવામાં આવી રહ્યો છે. જેને આધારે પી.આઈ. ચૌહાણ તથા પીએસઆઈ એમ. એચ. સોલંકી, કોન્સ્ટેબલ રતનસિંહ તથા સર્વેલન્સ ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને દરોડામાં મુકેશના નવા બનતા મકાનમાંથી ૨૨૨ બિયરના ટીન અને ૭૨ વિદેશી દારૂની બોટલો મળીને કુલ રૂ. ૪૫ હજારની કિંમતનો દારૂ-બિયર મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૪૫ હજારના દારૂ-બિયરનો જથ્થો જપ્ત કરીને બુટલેગર મુકેશ ઠાકોરની ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૪

## તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ઉડી સન એન્ટ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫

બે યાર : ૧૨.૦૦

ઈશ્કેદરિયાં : ૨.૩૦

પિકુ : ૭.૨૦

**સ્ક્રીન-૨ :**

વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૩ :**

વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦

બે યાર : ૧૨.૨૦

ગબ્બર હીઝ બેક : ૩.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

બે યાર : ૧૦.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

## આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન સરતાનભાઈ દેસાઈ (ઉ.વ.૭૨) મુ. બાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ.દેવીપ્રસાદ મૂળશંકર દવે (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૪૪૮/૧, સે-૨બી, ગાંધીનગર
- સ્વ. જીજીબેન ઉદાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- સ્વ.શાંતાબેન લીલાભાઈ દેસાઈ (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૬૪૭/૨, સે-૭બી, ગાંધીનગર
- સ્વ. જ્યોત્સનાબેન ગોવિંદભાઈ જોશી (ઉ.વ.૪૮) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર

## સહજાનંદ સ્કુલ ઓફ એચિવરના વિદ્યાર્થીઓને મેયરે અભિનંદન પાઠવ્યા

સહજાનંદ સ્કુલ ઓફ એચીવરના વિદ્યાર્થીઓએ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઝળહળતી સફળતા મેળવતા મેયર શ્રીમતી હંસાબેન મોદીએ અભિનંદન પાઠવ્યા હતા. સહજાનંદ સ્કુલ ઓફ એચીવરના ચાર વિદ્યાર્થીઓએ એ૧ ગ્રેડ મેળવી શાળા અને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે. ગુજકેટમાં પણ બે વિદ્યાર્થીઓએ જિલ્લામાં ૧૧૭.૫ ગુણ મેળવ્યા હતા. એ૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર જૈનિશ પટેલ, ઋત્વિક પટેલ, પાર્થ કોઠીયા, દિગંદ પટેલે ઝળહળતી સફળતા મેળવી છે. વિદ્યાર્થીઓ, શાળાના ટ્રસ્ટીઓ, શિક્ષકોને મહાનગર પાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદીએ શુભેચ્છા પાઠવી છે.

## જીમખાના આયોજિત શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ છઠ્ઠી જુને યોજાશે

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ના સભ્યો માટે જીમખાનામાં ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર તથા ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ના સંયુકત ઉપક્રમે તા. ૬ઠ્ઠી જુને સાંજે સાડા આઠ વાગે શાસ્ત્રીય સંગીત/રાગો આધારિત ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજેલ છે.

## ધોરણ-૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ફ્રી સેમિનાર

વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી, તેમજ એન્જિનીયર મેડીકલ ક્ષેત્રે ઉજજવળ કારકિર્દી ઘડવા માટે કેવા પ્રયત્નો કરવા જોઈએ સહિતના પાઠ રોટરી કલબ ગાંધીનગર ભણાવશે. કલબ દ્વારા ધોરણ-૧૦ વિજ્ઞાનપ્રવાહ, ધોરણ-૧૧, ૧૨, એન્જિનીયરીંગ, મેડીકલ અને સીબીએસસી અભ્યાસક્રમો વિશેની માહિતી આપતા ફ્રી સેમિનારનું આયોજન કરાયું છે. આગામી ૭ જૂન રવિવાર બપોરે ૪ થી ૬ દરમિયાન સે-૨૨ સ્થિત રોટરી હોલ ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે યોજાશે. જેમાં સાર્થક શાહ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોનું સમાધાન કરશે.

## તપોવન વાસ્તલ્યધામના શંખેશે એ-૧ ગ્રેડ મેળવ્યો



ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૦નું પરીણામ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે ગાંધીનગર પાસેના અમિયાપુર ગામ સ્થિત તપોવન વાસ્તલ્યધામનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. શાળાનો વિદ્યાર્થી નાહતા શંખેશ સંજયભાઈ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો છે. શંખેશે ૬૦૦માંથી ૫૪૩ ગુણ પ્રાપ્ત કરી એ-૧ ગ્રેડ મેળવ્યો છે. વાત્સલ્યધામના તમામ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

## પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં હોમ સાયન્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં હોમ સાયન્સ બીએનો અભ્યાસ ક્રમ ૧૯૯૪થી શરૂ થયેલ છે. અભ્યાસક્રમમાં ધો. ૧૨ પાસની લાયકાત જરૂરી છે. હોમ સાયન્સની બી.એ.ની ડિગ્રી લીધા પછી વ્યવસાયિક તકો ઉજળી છે. મુખ્ય સેવિકા, આંગણવાડી, અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, હોટલના ઈન્સ્ટ્રક્ટર તરીકે તકો ઉજળી છે. પ્રવેશ માટે મોબાઈલ નં. ૭૮૭૪૪૦૭૦૧૭, ૯૦૯૯૩૮૦૭૨૭, ૯૮૨૫૭૩૧૪૯૫નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# સે-૧૫ના ફતેપુરામાં છેલ્લા બે માસથી સ્ટ્રીટ લાઈટો બંધ

## ટોરન્ટ પાવરમાં અનેકવાર રજૂઆતો છતાં આંખ આડા કાન : રાત્રિના સમયે ઝેરી જીવજંતુઓના ભયે ગ્રામજનોને અવરજવરમાં મુશ્કેલી : ગ્રામજનોમાં ભારે આક્રોશ

ગાંધીનગર, તા.૪


ગાંધીનગર શહેરના મધ્યમાં સે-૧૫ના ફતેપુરા ગામમાં છેલ્લા ૨ મહિનાથી સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી ગ્રામવાસીઓ ભારે મુશ્કેલભરી પરિસ્થિતિનો સામનો કરી રહ્યાં છે. અવારનવાર આ બાબતે ટોરન્ટ પાવર કંપનીમાં આ બાબતે ફરિયાદો કરવામાં આવી હોવા છતાં કંપની સત્તાવાળાઓ આંખ આડા કાન કરી રહ્યાં છે. જેના કારણે ગ્રામવાસીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

નગરના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ અનેક સુવિધાઓ મેળવવામાં શહેરી વિસ્તારના પ્રમાણમાં વધુ તકલીફો નાગરિકોને જણાઈ રહી છે. નગરના મધ્યમાં આવેલ સે-૧૫ના ફતેપુરા ગામમાં છેલ્લા બે માસથી ઘણી બધી સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. ગ્રામ્ય વિસ્તાર હોવાથી રાત્રિના સમયે ઝેરી જીવજંતુઓ વગેરેનો ગ્રામજનોને ભય સતાવી રહ્યો છે જેના કારણે મોડી સાંજ પછી અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. બંધ સ્ટ્રીટલાઈટો બાબતે ગ્રામજનો દ્વારા અનેક વખત ટોરેન્ટ પાવર કંપનીમાં લેખિત તેમજ મોખિક રજૂઆતો પણ કરવામાં આવી હોવા છતાં આ બાબતે કોઈ જ પગલાં લેવામાં નથી આવી રહ્યાં જેના કારણે ગ્રામજનોમાં આક્રોશની લાગણી ફેલાવા પામી રહી છે.

રાત્રિના સમયે મહિલાઓ અને વૃધ્ધોને માટે ખુબ પરેશાનીનો સામનો કરવો પડે છે. ગ્રામજનોનો આક્રોશ આંદોલનમાં કે અન્ય કોઈ રીતે પ્રગટ થાય તે પહેલાં ટોરન્ટ પાવર કંપની દ્વારા સત્વરે સ્ટ્રીટ લાઈટસ રીપેર કરી દેવાય તેવી માંગ ફતેપુરામાં પ્રબળ બનતી જાય છે તેવું ફતેપુરા સે-૧૫ વસાહત મંડળની અખબારી યાદીમાં જણાવાયું છે.

## એબસ્કોન્ડર સ્કવોર્ડે વોન્ટેડ ચીટરને ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૪



દહેગામ પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૪માં છેતરપીંડી મામલે કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ અંતર્ગત ગુનો ડાખલ થયો હતો. આ ચીટીંગ પ્રકરણમાં નાસતો ફરતો સે. ૨૮ છ-ટાઈપ બ્લોક નં. ૪/૨માં રહેતો સુરજ રણજીતસિંહ ગોહિલ ગઈકાલે એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડના હાથે ઝડપાઈ ગયો છે. એબસ્કોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલે સુરજની ધરપકડ કરીને દહેગામ પોલીસને સોંપી દીધો છે.

## સાર્વત્રિક વરસાદ ખેતી માટે ઉપયોગી : કિસાન સંઘ

ગાંધીનગર, તા. ૪

ચોમાસાની સિઝન શરૂ થાય તે પહેલા વધુ કે ઓછા વરસાદની સતત આગાહી કરવામાં આવે છે. પરંતુ ખેતી માટે સો ટકા વરસાદની નહી પરંતુ દસ-પંદર દિવસના અંતરે સાર્વત્રિક વરસાદની જરૂરિયાત રહે છે.

ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ અંબુભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આપણા દેશમાં ઉનાળો વિદાય લઈ રહ્યો છે ત્યારે તેનો પુરતો પરિચય ગરમીનો પારો વધારે ઉંચે લઈ જઈને બતાવી રહ્યો છે. દર વર્ષે થતું હોય છે તેમ વરસાદ કેટલો થશે ? ક્યારે થશે ? ચોમાસુ કેવુ જશે ? વગેરેની ચિંતા રાજકારણીમાં અને મીડીયા જગતમાં મુખ્ય મુદ્દો બની ગયો છે. આપણા દેશમાં વર્ષોથી અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની સમસ્યા રહેતી આવી છે. સવાલ ઓછા વરસાદ કે વધુ વરસાદ કરતાં પ્રમાણસર વરસાદ સમગ્ર સિઝન દરમિયાન થાય તે વધારે અગત્યનું છે.

દા.ત. ચોમાસાના ઓછામાં ઓછા ત્રણ મહિના દરમિયાન ૧૦ થી ૧૫ દિવસના અંતરે વરસાદ આવે તો સરેરાશ વરસાદ કરતાં ૭૦ ટકા વરસાદથી જ ચોમાસુ સિઝન ૧૦૦ ટકા સફળ થાય છે. ઘણીવાર ૨૪ કલાકમાં સીજનનો ૩૦ ટકા વરસાદ થઈ જાય એટલે માટીનું પાકનું ધોવાણ થઈ બંધ પાળા તુટી જાય સરવાળે નુકસાન થાય પછી એક મહિનો ખેંચે તો ફરીથી ખેતીનાં પાકને નુકશાન થાય આમ સરવાળે વધુ વરસાદ થતાં પણ ખેત ઉત્પાદન ન વધે તેવું બને. આ બાબતો ધ્યાનમાં લઈએ તો વધુ વરસાદથી વધુ ઉત્પાદન ઓછા વરસાદથી ઓછુ ઉત્પાદન એ સમીકરણ યોગ્ય નથી. તેમ છતાં પણ સુકા દુકાળ કરતાં લીલો દુકાળ સારો એમ કહેવાય છે. કારણ કે ડેમોમાં વરસાદના પાણી સંગ્રહ થાય છે. ભૂગર્ભ પાણીનાં સ્તર ઉપર આવે છે. જેથી ભવિષ્ય માટે ભૂગર્ભ જળનો જથ્થો વધે છે. ભવિષ્યમાં સિંચાઈ તથા પીવાના પાણી માટે ઉપયોગી થાય છે.

## સે-૨૯ રકતદાન શિબિર અને ચેક અપ કેમ્પ યોજાશે


ગાંધીનગર, તા.૪

સેકટર-૨૯ નીકી હોસ્પિટલ ખાતે કેન્સરના દર્દીઓના લાભાર્થે ૩૧મો મફત નિદાન કેમ્પ યોજવામાં આવશે. આગામી ૭ જૂન, રવિવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સેકટર-૨૯ નીકી હોસ્પિટલ ખાતે કેમ્પ યોજાશે. કેમ્પમાં હાડકામાં કેલ્શિયમની તપાસ, હિમોગ્લોબીન ડાયાબિટીશ અને વધારાની ચરબીનું નિષ્ણાતો દ્વારા ચેક અપ કરી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

## બે મહિના પહેલા સગીરાને ભગાડી જનાર શખ્સ વડોદરાથી પકડાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક આદીવાડા ગામમાં રહેતી ૧૭ વર્ષની કિશોરીને બે મહિના પહેલા ૨૧ વર્ષીય ગૌતમ નટુ વાઘેલા ભગાડી ગયો હતો. બે મહિનાથી તે બંનેના કોઈ જ સગડ ન હતાં આ અંગે સે-૨૧ પોલીસ મથકમાં અપહરણનો ગુનો નોંધાયો હતો. પીએસઆઈ સી.બી. ચૌહાણને બાતમી મળતા ગઈ કાલે વડોદરાથી આરોપીને પોલીસ પકડી લાવી હતી તેની પાસે જ કિશોરી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## સેક્ટર-૨૨ વિવેકાનંદ એકેડેમીના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

સેક્ટર-૨૨ સ્થિત વિવેકાનંદ એકેડેમીના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર અને શુભેચ્છા સમારોહ યોજાયો હતો. શહેર અને જિલ્લામાં સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે વિવેકાનંદ એકેડેમી પાયાનું જ્ઞાન પુરૂ પાડે છે. પાંચ દિવસના સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જ્ઞાનનો લાભ લીધો હતો. ગાંધીનગર શહેરમાં વિવેકાનંદ એકેડેમી સ્પર્ધાત્મક પરીક્ષાનું શિક્ષણ આપવામાં અવ્વલ નંબરે આવે છે. ત્યારે એકેડેમી ખાતે તલાટી અને કલાર્કના વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. રીષી વ્યાસ દ્વારા જનરલ નોલેજનું ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. સંસ્થાના ચેરમેન રાજુભાઈ પટેલે પ્રોજેક્ટર મારફતે વિદ્યાર્થીઓને ગણિતના કોયડા ઉકેલી બતાવ્યા હતા અને અંગ્રેજીને આસાન બનાવતુ જ્ઞાન પિરસ્યુ હતુ. ગણિત અંગ્રેજીમાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની પદ્ધતિઓ બતાવી હતી. પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ ઉચાટ અનુભવતા હોય છે ત્યારે પરીક્ષા સમયે કયા પ્રકારની કાળજી રાખવી તેની માહિતી સંસ્થાના ફેકલ્ટીઓએ આપી હતી. છેલ્લે વિદ્યાર્થીઓને શુભેચ્છા સ્વરૂપે કલમ તેમજ ચોકલેટ ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું.